साहित्य मंथन
भारते भातु भारती
Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-3, Issue-7, Continuous Issue-23, January - February 2024

# " વેદો અને ઉપનિષદોમાં શિક્ષા " – આધુનિક સંદર્ભમાં

- ડૉ.પ્રકાશચંદ્ર જે. જોષી

વેદો સંપૂર્ણ જ્ઞાનના સ્રોત છે. "ज्ञानराशिर्वेद" થી પણ કહેવામાં આવેછે. વેદો અને ઉપનિષદોમાં બધાજ પ્રકારની આર્થિક, સામાજિક, રાજનૈતિક પરિસ્થિતિઓ વર્ણિત છે. જેનાથી તત્કાલીન સમાજ જીવનની પરિસ્થિતિ સ્પષ્ટ થઈ જાય છે. શિક્ષા સમાજનું એક મહત્વપૂર્ણ અંગ છે. જેનાથી સમાજને ઉર્ધ્વગતી કે અધોગતિના માર્ગે વાળી શકાય છે. આના માટે એક આદર્શ-પરીક્ષા પદ્ધતિ આવશ્યક છે. "शिक्ष्यते उपादीयते या सा शिक्षा।" શિક્ષા અને વિદ્યામાં અંતર સ્પષ્ટ કરતા "વૈદિક અનુશીલનમાં શિક્ષાને સાધન તથા વિદ્યાને સાધ્ય બતાવ્યું છે."

શિક્ષા શબ્દની વ્યુત્પત્તિ 'શિક્ષ્' ધાતુથી થઇ છે. જેનો અર્થ વિદ્યા પ્રાપ્ત કરવાનો થાય છે.[૧] શિક્ષા વિષે શતપથ બ્રાહ્મણમાં કહેવાયું છે કે – સ્વાધ્યાય અને પ્રવચન કરવાથી મનુષ્યનું ચિત્ત એકાગ્ર થાય છે તથા તે ઇન્દ્રિયસંયમ, પ્રજ્ઞાવૃદ્ધિ અને પ્રભૃતિને પ્રાપ્ત કરે છે. તે સંસારના અભ્યૂદય માટે પોતાને લગાવી દે છે.[૨] તૈત્તિરીય ઉપનિષદમાં પણ કહેવાયું છે કે –

"स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् ।" [3]

પ્રસ્તુત શોધાપત્રનો ઉદ્દેશ્ય વૈદિક કાલીન શિક્ષા, તેની પ્રવીધિઓ તથા પાઠ્ય વસ્તુનો યથાસંભવ વર્ણન કરવાનો છે. તથા શિક્ષાનીતિઓ, આયોગો, મહાત્મા ગાંધી તથા વિનોબા ભાવેના વિચારોનો યથાસંભવ અધ્યયન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સુભાષિતરત્નસંગ્રહમાં જ્ઞાનને મનુષ્યનું ત્રીજું(તૃતીય) નેત્ર બતાવ્યું છે. જેમ કે – "ज्ञानं तृतीयं मनुजस्य नेत्रं समस्ततत्वार्थविलोकिदक्षम्, तेजोऽनपेक्षं विगतान्तरायं प्रवृत्ति सर्वजगतत्रयमपि ।"[૪]

શિક્ષા શબ્દનો અર્થ સંકુચિત અને વ્યાપક એમ બંને રીતે ગ્રહણ કરવામાં આવ્યો છે. સંકુચિત અર્થમાં શિક્ષા સમય વિશેષમાં વિધ્યારંભ સંસ્કારથી લઇ ગૃહસ્થાશ્રમ પર્યન્ત ગુરુસાન્નિધ્યમાં કોઈક શિક્ષા સંસ્થામાં રહીને ગ્રહણ કરવામાં આવેછે. જયારે વ્યાપક અર્થમાં શિક્ષા પુસ્તકીયું જ્ઞાન ન હોઈ આત્મિક વિકાસની એ ગતિ છે જેનાથી જન્મથી લઈને અનુકરણ શ્રવણ, મનન તથા પારસ્પરિક સમ્બન્ધ સ્થાપીને જીવનના અંત સુધી ચાલે છે. વ્યક્તિ સંપૂર્ણ જીવનમાં વિદ્યાર્થી રૂપથી રહી શકે છે. ઋગ્વેદમાં એક સ્થાન પર શિક્ષાનો અર્થ 'આપવાનો'(આપવું) જ છે. તત્કાલીન સમાજમાં 'આપવાનું' જ પ્રધાન હતું જેવું કે ઋગ્વેદમાં કહ્યું છે –

"य इन्द्र शुष्मो मघवन् ते अस्ति शिक्षा साखिभ्यः पुरुहूते नृभ्यः।"[૫]

ગીતામાં શિક્ષાને અધ્યાત્મપરક અને સત્યનો બોધ કરાવવા વાળી કહી છે.[૬]

**<u>ઉદ્દેશ્ય :</u>**

વેદો અને ઉપનિષદોમાં શિક્ષાનો ઉદ્દેશ્ય સર્વાંગીણ અભ્યુદય અને પરલોકમાં પરમ નિશ્રેયસની પ્રાપ્તિનો રહ્યો છે. શિક્ષાનું લક્ષ્ય કેવળ વિવિધ વિષયોથી સમ્બન્ધિત પુસ્તક ભણાવવાનું નથી પણ દાક્ષિણ્ય, કર્મકૌશલ, પ્રશસ્ત, નીર-ક્ષીર વિવેકી, નિર્મલ તથા પવિત્ર વ્યક્તિનું નિર્માણ કરવાનું છે. હારિત સ્મૃતિમાં અધ્યાપનને ધન-લાલસા ન કરી ધર્માર્થ માટે કરાવવામાં આવતું હતું. અધ્યાપનના

ધર્મ, અર્થ તથા શુશ્રુષા પ્રાપ્તિ એ ત્રણ પ્રયોજન વ્યવહારિક રૂપથી કહેવાયા છે. પ્રાચીન સમયમાં વિદ્યા દ્વિધાથી વિભાજીત હતી. પરા, અપરા કે વિદ્યા, અવિદ્યાના રૂપમાં હતી. ઇશાવાસ્યોપનિષદમાં કહેવાયું છે કે –

विध्यां चाविध्यां च यस्तद्वेदोभायं सह ।

अविध्यया मृत्युं तीर्त्वा विध्ययामृतसश्नुते ।।(૭)

બન્ને વિદ્યાઓ એક-બીજાથી પુરક છે. અહીં અવિદ્યાથી ભૌતિક અને લૌકિક વિદ્યા તથા વિદ્યાથી પરમ અધ્યાત્મ વિદ્યા અભિપ્રેત છે. તેથી જ કહેવાયું છે કે –

'अथ परा यया तदक्षरमभिगम्यते।'

જે વેદની રુચાઓને સમજ્યા વગર કેવળ પાઠ કરે છે ત્યાં પરા વિદ્યા પણ અપરા થઇ જાય છે. પુસ્તકીયા જ્ઞાનની સાથે આત્મતત્વજ્ઞાનની પણ આવશ્યકતા છે. જેમ કે ઋગ્વેદમાં કહ્યું છે કે –

'यस्तन्न वेद किमृचा करिष्यति।'(૮)

વૈદિક શિક્ષા ગુરૂકુળોમાં રહીને જ મેળવવામાં આવતી હતી. શિષ્ય ગુરુના સાન્નિધ્યમાં રહી બ્રહ્મચર્યનું પાલન કરતો, ગુરુની સેવા અને સ્વાધ્યાય વગેરે કરતો. તે ગુરુના આચરણથી જ વ્યવહાર અને નૈતિક આદર્શોને શીખતો હતો.

અથર્વવેદમાં કહેવાયું છે કે – " आचार्य उपनयमानो ब्रह्मचारिणं कुणुते गर्भमन्त तं रात्रिस्तिस्त्र उदरे विभति तं जातं द्रष्टुमभिसंयन्तिदेवाः।"(૯)

**<u>પાઠ્ય-વિષય :</u>**

પ્રાચીન કાળમાં(વૈદિક) મુખ્યત્વે વેદો અને ઉપનિષદોનું અધ્યયન-અધ્યાપન થતું હતું. વેદાંગોની સહાયતાથી પણ વેદોનું અધ્યયન કરવામાં આવતું હતું. જેવું કે મહાભાષ્યકાર કહે છે કે – વિદ્યાર્થીઓ વેદાધ્યયન પહેલા વ્યાકરણનો અભ્યાસ (અધ્યયન) કરતાં હતાં.(૧૦) ત્યારપછી વેદો વગેરેનું અધ્યયન થતું હતું. જેમ કે – "ब्राह्मणेननिष्कारणो धर्मः षडंगे वेदोध्येयो ज्ञेयश्चेति। प्रधानं षड्स्वङ्गेषु व्याकरणम्।"(૧૧) पुराकल्प एतदासीत संस्कारोत्तरकालं ब्रह्मणा व्याकरणं स्माधीयते। तेभ्यस्तत्तत्स्थानाकरणानुप्रदानज्ञेभयों वैदिका शब्दा उपदिश्यन्ते। એવું વ્યાકરણના અધ્યયનના પ્રયોજનને દર્શાવતા આચાર્ય વિચારતા કરી દે છે. વ્યાપક દ્રષ્ટિથી યાજ્ઞવલકય સ્મૃતિકાર વિદ્યાનો નિર્દેશ કરતા કહે છે કે –

पुराणन्यायमिमांसा धर्मशास्त्रांग मिश्रिताः ।

वेदाः स्थानानि विध्यानां धर्मस्य च चतुर्दश ।।(૧૨)

અથર્વવેદમાં પણ શિક્ષા સંબંધી વિષયોનો ઉલ્લેખ કરતા કહ્યું છે કે – આ સમયમાં વેદાંગ, ન્યાયામીમાંસા, વાકોપાક્ય, યજ્ઞ, બ્રહ્મ સંબંધી વિચાર, ઈતિહાસ, પુરાણ, ગાથા, પ્રભૃતિ વગેરે વિષયોનું અધ્યાપન થતું હતું.(૧૩) બ્રાહ્મણ ગ્રંથોમાં કર્મકાણ્ડના પ્રાધાન્યને કારણે પૌરોહીતોના પઠન-પાઠન પર ભાર દેવામાં આવતો હતો.(૧૪)

ઉપનિષદોના સમયમાં પરાવિદ્યાનું પ્રાધાન્ય હતું. વેદ, વેદાંગ-નિષ્ણાત વ્યક્તિ જ બ્રહ્માવિદ્યા ભણવાનો અધિકારી હતો. વિદ્યાર્થીઓને ચાર વેદ, ઈતિહાસ, વ્યાકરણ, પુરાણ, પિત્ર્યાવિદ્યા, રાશિ, નીતિશાસ્ત્ર, દેવ વિદ્યા, બ્રહ્મ વિદ્યા, ભૂત વિદ્યા, નક્ષત્ર વિદ્યા વગેરે વિદ્યાઓ શિખવવામાં આવતી હતી. જેમ કે છાંદોગ્ય ઉપનિષદમાં કહેવાયું છે કે –

ऋग्वेदं भगवोऽध्येमि यजुर्वेदं सामवेदमाथर्वणं चतुर्थमितिहासपुराणं पंचमं वेदानां वेदं पित्र्यराशिंदैवं ब्रह्मविध्यां भूतविध्यां नक्षत्रविध्यां सर्पदेवनविध्यामेतभ्द्गवोऽध्येमि ।[૧૫]

તત્કાલીન સમયમાં પાઠ્યક્રમ આધુનિક શિક્ષાની જેમ નિર્ધારિત નથી છતા પણ વિસ્તૃત રૂપથી વિષયોનું અધ્યયન થતું હતું,

**<u>પઠન સમયાવધિ(ભણવાનો સમય) :</u>**

પ્રાચીન સમયમાં જ્ઞાનનું ક્ષેત્ર વિસ્તૃત હોવાને કારણે એની કોઈ અવધિ(સમય) નિર્ધારિત નહોતી. આ અવધી વિદ્યાર્થીની રૂચી તથા યોગ્યતા પર આધારિત હતી. અધ્યયનનો સામાન્ય સમય ૧૨ વર્ષ માનવામાં આવ્યો છે. ત્યાર પછી તે સમાવર્તન સંસ્કાર કરી શકતો. શ્વેતકેતુ આરૂણી બાર વર્ષે બ્રહ્મચારી થયો તથા ૨૪માં વર્ષે વેદનો પંડિત થઈ ગયો. જેમ કે – "स ह् द्वादशवर्ष उपेत्य चतुर्विंशतिवर्षः सर्वान्वेदानधीत्य महामना अनूचानमानि स्तब्धएयाय........शम प्राक्ष्यः ।"[૧૬]

પ્રજાપતિથી ઇન્દ્ર દ્વારા ૧૦૧ વર્ષો સુધી શિક્ષા ગ્રહણનો ઉલ્લેખ પણ મળે છે.[૧૭]

**<u>અધ્યાપન પદ્ધતિઓ :</u>**

શિક્ષણશાસ્ત્રમાં અધ્યયન માટે ગણીબધી દ્રશ્ય, શ્રવ્ય, તથા દ્રશ્ય-શ્રવ્ય સામગ્રીનો પ્રયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિઓમાં આગમન-નિગમન, દંડાન્વય, ખંડાન્વય, હર્યુરિષ્ટિક, પ્રાયોગિક, વ્યાખ્યાન વિધિ, પ્રાચીન પ્રણાલી તથા પ્રશ્નાવલી પદ્ધતિ વગેરે પદ્ધતિઓનો ઉલ્લેખ મળે છે. આ પદ્ધતિઓ અનુસાર સંશોધન કરવાથી વૈદિક શિક્ષામાં પણ અનેક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવતો હતો.[૧૮]

વેદો અને ઉપનિષદોમાં કંઠસ્થીકરણને માટે સસ્વર શુદ્ધ ઉચ્ચારણ કરવા માટે સંહિતા પાઠ, ક્રમ પાઠ, પદપાઠ, જટાપાઠ વગેરે આઠ પાઠોનો પ્રયોગ કરવામાં આવતો હતો.[૧૯] કંઠસ્થીકરણ પદ્ધતિમાં ખંડ પદ્ધતિથી વિષયોનું કંઠસ્થીકરણ કરાવવામાં આવતું હતું. આના અંતર્ગત મોટાભાગની પદ્ધતિઓ આવી જાય છે આમાંથી લગભગ બધી પદ્ધતિઓનો પ્રયોગ થતો હતો જેમાં મુખ્યતઃ પૂર્ણ વિધિ, ખંડપદ્ધતિ, મિશ્રિત પદ્ધતિ, પ્રગતિશીલ, વ્યવધાન, નિરન્તર, ક્રિયાત્મક, મૌન, વૃત્ત પદ્ધતિ તથા આવૃત્તિ પદ્ધતિનો સમાવેશ થાય છે. આમાંથી વૃત્ત પદ્ધતિમાં પદ્ય, કારિકા તથા કોશાદીનો સસ્વર પાઠ થાય છે તથા આવૃત્તિમાં અધ્યાપક પાસેથી સાંભળીને બધા વિદ્યાર્થીઓ એની પુનઃ ૨(બે) આવૃત્તિ કરે છે.[૨૦] આ બન્નેથી યે સ્પષ્ટ થાય છે કે આ પદ્ધતિઓનો ઉપયોગ વેદોને કંઠસ્થ કરવામાં થતો હતો. અન્ય વ્યાખ્યાન, પ્રશ્નોત્તર, વાદ, સંવાદ પદ્ધતિઓનો નિસંદેહ પ્રયોગ થતો હતો.

શિક્ષણ ગ્રંથોમાં ત્રણ પ્રકારનાં અભ્યાસક્રમ છે પ્રથમ રેખીય, દ્વિતીય શાખીય તથા તૃતીય અવરોહ અભ્યાસક્રમ (અભિક્રમ) કહેવામાં આવે છે. રેખીયમાં ક્રિયા શિક્ષક નિયંત્રિત હોય છે તથા પાઠ્યાંશને નાના-૨(બે) અંશોમાં વિભાજીત કરી પદશઃ ભણાવવામાં આવે છે. એક-એક અંશને ભણાવવા ઉપરાંત એને ફરી દર્શાવવામાં આવે છે. આમાં વિદ્યાર્થીને સ્વેચ્છાએ પ્રતિક્રિયા કે પ્રશ્ન પુછવાની સ્વતંત્રતા હોતી નથી પરંતુ શાખીય અભ્યાસક્રમ(અભિક્રમ) માં ત્યાં સુધી શિક્ષક આગળ ભણાવતો નથી જ્યાં સુધી તેને(વિદ્યાર્થીને) પાઠ પૂર્ણ રીતે યાદ કે તેનું જ્ઞાન ન થઇ જાય. આ પદ્ધતિમાં વિદ્યાર્થી સમસ્યાનું તરત જ સમાધાન કરીલે છે.[૨૧]

વેદો અને ઉપનિષદોની અધ્યયન વ્યવસ્થામાં આનું મિશ્રિત સ્વરૂપ મળે છે. વૈદિક કાળમાં પણ કંઠસ્થીકરણ, વાદ-સંવાદ તથા પ્રશ્નોત્તર કરવામાં આવતા હતાં. આથી આપણે કહી શકીએ કે બી.એફ.સ્કિનર દ્વારા પ્રતિપાદિત અતિક્રમણનો પૂર્ણ ઉપયોગ થતો હતો. શ્રવણ, મનન, તથા નિદિધ્યાસન જેવી તૈતિરીય ઉપનિષદમાં અધ્યયન પ્રક્રિયા બતાવવામાં આવી છે. પ્રાચિન શિક્ષામાં જીહ્વા (કંઠાગ્ર) જ્ઞાન જ જ્ઞાન માનવામાં આવતું હતું. સુભાષિતરત્ન ભંડારમાં કહેવામાં આવ્યું છે કે –

पुस्तकस्था तु या विध्या परहस्तःगतं धनम्

कार्यकाले समुत्पन्ने न सा विध्या न तद् धनम् ।[२२]

શિક્ષણ પ્રક્રિયામાં પ્રસ્તાવનાની જેમ વેદોમાં ગુરુ 'ओऊम' શબ્દનું ઉચ્ચારણ કરાવી "अधीष्व भो" એમ કહી અધ્યાપનનો પ્રારંભ કરતા હતાં. વિદ્યાર્થી પણ પ્રારંભમાં 'શ્રીમાન મને શીખવો' તથા 'શ્રીમાન અમે પાઠ ભૂલી ગયા' એમ કહીને પાઠને વિરામ આપતા હતાં.

ગુરુકુળોમાં શિક્ષા વિદ્યાર્થી કેન્દ્રિત હતી. જેનાથી દરેક વ્યક્તિને વ્યક્તિગત રૂપથી અધ્યયન કરાવવામાં આવતું હતું. પી.ડી.પાઠક પોતાના પુસ્તકમાં એસ.એન.મુખર્જીનો મત ટાંકતા કહેછે કે –

"वैदिककालीन भारत, शिक्षा की पारम्परिक प्रणाली में विश्वास करता था न कि शिक्षा संस्थओं में, यान्त्रिक विधियों द्वारा विशाल पैमाने पर छात्रों के उत्पादन में । छात्र एकांत में बैठकर मनन, चिन्तन, स्वाध्याय तथा पुनरावृत्ति करते थे ।"[२३]

આ બધા ઉદ્ધારણોથી એ સ્પષ્ટ થાય છે કે તત્કાલીન સમાજમાં ઉપકરણો અતિશય નોહતાં છતા પણ બધા પ્રકારની શિક્ષા પ્રાયોગિક, ક્રીડા, વ્યાખ્યાન વગેરે પદ્ધતિઓથી આપવામાં આવતી હતી. ૧૮૩૫થી મૈકોલેની નીતિથી આધુનિક શિક્ષાનો પ્રારંભ માનવામાં આવે છે. એ સમયે પ્રાચ્ય અને પાશ્ચાત્ય વિષયોથી સંબધિત વિવાદ પ્રચલિત હતો. લોર્ડ મૈકોલેએ આના નિર્ણય સ્વરૂપ પ્રાચ્ય શિક્ષા અને સાહિત્યનું ખંડન કરી પાશ્ચાત્ય જ્ઞાન-વિજ્ઞાનને અંગ્રેજી માધ્યમથી ભણાવવાનું સમર્થન કર્યું. સાહિત્યમાં સંસ્કૃત, અરબીની સાથે અંગ્રેજી સાહિત્ય તથા ભાષામાં અંગ્રેજીને પાશ્ચાત્ય ભાષાઓમાં શ્રેષ્ઠ બતાવી પુસ્તકોના અનુવાદ માટે ઉપયોગી બતાવી. જેમ કે તેણે કહ્યું છે કે – "भारत के निवासियों में प्रचलित देशी भाषाओं में साहित्यिक तथा वैज्ञानिक कोश का अभाव है और वे इतनी अविकसित तथा गवारु है कि जब तक उनको बाह्य-भण्डार से सम्पन्न नहीं किया जाएगा, तब तक किसी भी महत्वपूर्ण पुस्तक का सरलता से अनुवाद न हो सकेगा ।"

અહી મૈકોલેનો ઉદ્દેશ્ય ભારતીય શિક્ષાને ખત્મ કરવાનો હતો જે એમના જ કથનમાં સ્પષ્ટ જોવા મળે છે.

આ ઉપરાંત અનેક શિક્ષા આયોગ, વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, મુદાલિયર આયોગ, કોઠારી આયોગ તથા અન્ય ૧૯૮૫, ૧૯૮૬ની રાષ્ટ્રીય નીતિઓ પારિત થઇ તેમાં શિક્ષાના દરેક મુદ્દે ચર્ચા કરવામાં આવી. વિશ્વવિદ્યાલયોના સમ્બન્ધિત આયોગમાં શારીરિક અને માનસિક વિકાસ પર ધ્યાન આપવામાં આવ્યું આના સિવાય રાજનીતિક, વ્યવસાયિક, ચિકિત્સા, વાણિજ્ય, કાનૂન તથા નેતૃત્વને ગ્રહણ કરવા વાળા વ્યક્તિઓને તૈયાર કરવા પર ભાર મૂકવામાં આવ્યો. તથા શિક્ષાને સમવર્તી સૂચિમાં મુકવાનો(નાખવાનો) પ્રસ્તાવ સર્વપ્રથમ આ આયોગે કર્યો.[२४]

મુદ્દાલીયર આયોગે(૧૦૭૨૭૩) સંરચનાને વિકસિત કરી. વિદ્યાર્થીઓની રૂચી પ્રમાણે પાઠ્યક્રમ તથા ત્રિ-ભાષા સુત્ર યોજના પ્રારંભ કરી. આનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં વ્યવસાયિક કુશળતા, વ્યક્તિત્વ વિકાસ, નેતૃત્વ વિકાસ તથા પ્રયોગાત્મક પદ્ધતિનો પ્રયોગ કર્યો. આ પછીની નક્કી કરવામાં આવેલી નીતિઓમાં પડોશી વિદ્યાલય યોજના, ૧૪ વર્ષ સુધી નિઃશુલ્ક શિક્ષા પ્રાપ્તિ તથા વર્ણ, લિંગ ભેદને છોડી સારી શિક્ષા પર ભાર મૂકવામાં આવ્યો. આ સિવાય ખેલકૂદ, સંશોધન, તથા સમાનતા વાળી શિક્ષા પર પણ જોર આપવામાં આવ્યું.[२५]

અન્ય શિક્ષણ શાસ્ત્રીઓમાં ગાંધીજીના વિચાર અનુકરણીય છે. તેમણે ૧૯૩૭ માં બુનિયાદી શિક્ષા પર ભાર મુક્યો. જેનાથી વ્યક્તિ સ્વાવલંબી બની શકે. તેમણે અંગ્રેજીના સ્થાન પર કોઈ હસ્તશિલ્પને મુકવાનો પ્રસ્તાવ કર્યો. ૭ વર્ષ સુધી શિક્ષા નિઃશુલ્ક હોય જે હસ્તશિલ્પ વગેરે વ્યવસાયથી જોડાયેલી હોય. પ્રાથમિક શિક્ષાનો પાઠ્યક્રમ લગભગ ૭ વર્ષનો હોય. તેમણે કહ્યું કે "વર્તમાન શિક્ષા

પદ્ધતિ કોઈપણ રીતે દેશની જરૂરીયાતોને પુરી કરી શકતી નથી. આ શિક્ષણ દ્વારા જે લાભ થાય છે તેનાથી દેશમાં કર આપવા વાળો પ્રમુખ વર્ગ વંચિત રહી જાય છે.(૨૬) તેમનું વાસ્તવિક શિક્ષણ સ્કુલ કે કોલેજ છોડ્યા પછી શરુ થાય છે. ગાંધીજી તત્કાલીન શિક્ષાને કેવળ બુદ્ધિ વ્યાયામ માત્ર કહીને તેનું ખંડન કરી તેમાં બુનિયાદી શિક્ષાને પણ જોડાવાનું ઈચ્છતા હતાં. તે શિક્ષાને ઉચ્ચ સ્તર પર લાગુ કરવા ઈચ્છતા હતાં. વિદ્યાર્થીઓની પ્રારંભિક શિક્ષાને તે આશ્રમમાં આપવાના પક્ષમાં હતાં. તે રજાઓમાં પણ ઘરે ન જાય, ખાવાપીવાનું સાધારણ હોય, દર વર્ષે ત્રણ માસ સુધી તેમનું ભારતના કોઈપણ ક્ષેત્રમાં ભ્રમણ હોય. ઉર્દૂ, બંગાળ, તમિલ, તેલુગુ તથા દેવનાગરી આ પાંચે ભાષાઓ શિખવવાના પક્ષમાં હતાં. જેનાથી બાળકોનો સર્વાંગી વિકાસ થાય. તે બાળકને નીડર અને સ્વાવલંબી બનાવવા માંગતા હતાં. આ કારણથી જ સુતર કાંતવા જેવા વ્યવસાયોને શિક્ષા(શિક્ષણમાં) પાઠ્યક્રમમાં એક અંશ તરીકે મૂકવામાં આવ્યા.(૨૭)

તેમના કથનને ઉદ્ધૃત કરતા રામનારાયણ ઉપાધ્યાય કહે છે કે – "મગજમાં ઘણી બધી વાતો ભરી લેવાથી કે વિવિધ પુસ્તકો વાંચી પરીક્ષાઓ પાસ કરી લેવી એ સાચી શિક્ષા નથી પરંતુ ચરિત્ર ગઠન (ચારીત્ર્યનું રક્ષણ) એ જ સાચી શિક્ષા છે."

આચાર્ય વિનોબા ભાવે પણ તેમના આ વિચારોનું અનુકરણ કરતા જોવા મળે છે. તેમના માટે – "શિક્ષા એક આજીવન પ્રક્રિયા છે, વ્યક્તિ જન્મથી મૃત્યુ પર્યન્ત શીખતો રહે છે." શિક્ષાના આંતરિક અને બાહ્ય પાસા પણ અર્થાત યોગ, ઉદ્યોગ તથા સહયોગ ત્રણે પર ધ્યાન આપે છે. શિક્ષા વર્ગ, લિંગ, ધર્મ તથા સંપ્રદાયના વિદ્વેષથી મુક્ત હોય તથા ગામડાઓમાં વિદ્યાલયો, મહાવિદ્યાલયો તથા વિશ્વવિદ્યાલયોની સ્થાપના થાય જેનાથી સમાજ શિક્ષિત બની શકે. તેમણે શિક્ષાને સંકુચિત રૂપથી ગ્રહણ કરી વ્યાપક રૂપનો અર્થ કર્યો છે. માનવ, વિદ્યાલય અને સમાજ પરસ્પર એકબીજાથી ઘનિષ્ઠ જોડાયેલા હોય. વિદ્યાર્થી વિવેકી, આત્મસંયમિ, વિનયી, સમાજસેવી તથા કર્તવ્યનિષ્ઠ નાગરિક બને. શિક્ષાશાસન નિરપેક્ષ હોય, પાઠ્યક્રમ મૂલ્ય કેન્દ્રિત હોય તથા બુનિયાદી શિક્ષાનો પણ સમાવેશ હોય.(૨૮)

આનાથી જાણવા મળે છે કે બન્ને વિચારકોના વિચારોમાં બહુજ સામ્યતા છે. આમના શિક્ષા પ્રત્યેના આદર્શ વૈદિક શિક્ષાથી જોડાયેલા(સામ્યયુક્ત) જોવા મળે છે. બન્ને શિક્ષાના લૌકિક તથા પારલૌકિક પક્ષનો સ્વીકાર કરે છે. મૈકોલેના મતાનુસાર આગળનું શિક્ષણ (શિક્ષા) કેવળ ભૌતિક ઉન્નતી, બુદ્ધિ વિકાસ, સ્મરણ હ્રાસ તથા શારીરિક વિકાસમાં બાધોત્પાદક (બાધા ઉત્પાદક) છે.

જયારે આજના સમયમાં દરેક કાર્ય ઉપકરણોથી થઈ જાય છે. ત્યારે શારીરિક શ્રમની આવશ્યકતા ઓછી પડે છે. આથી શરીર સ્થૂળતા વગેરે રોગોથી ગ્રસ્ત થઇ જાય છે. સ્મરણ પ્રવૃત્તિનો પણ નાશ થઇ રહ્યો છે. પ્રાચિન સમયમાં કેવળ શ્રવણ તથા સ્મરણ સંસ્કારના માધ્યમથી જ જ્ઞાનના એક વિસ્તૃત ભંડારને આપણે સુરક્ષિત કરી શક્યાં. પરંતુ આજે સ્મરણ ન્યૂનતા જોવા મળે છે. વધારે સુવિધાઓથી માનવ આળસુ બની ગયો છે. વર્તમાન શિક્ષા એકાંગી થતી જાય છે. તમામ પાઠ્યક્રમ પુસ્તકો પર જ આધારિત છે આને જ આધાર બનાવી બધી પરીક્ષાઓ થઈ જાય છે. આત્મોન્નતિ સુધી કોઈનું ધ્યાન પણ જતું નથી. બન્ને પ્રકારની વિદ્યાઓનો સમન્વય ખુબજ આવશ્યક છે. જેનાથી આધુનિક સમયમાં નૈતિક મુલ્યોને બચાવી શકાય. યુવાન વિદ્યાર્થી – વિદ્યાર્થીનીઓ એક સંયમિત જીવન ન જીવીને નશાપ્રવૃત્તિનો શિકાર થઈ રહ્યા છે. તથા આને પોતાની આધુનિકતા માને છે. આપણે શિક્ષિત થઇ આ બધીજ સમસ્યાઓ વિશે વિચાર કરી તેને સુધારવાનો પ્રયાસ કરવો પડશે. અને તેથી અંતે હું એટલુજ કહીશ કે -

ॐ सह नाववतु । सह नौ भुनक्तु । सहवीर्यं करवावहै । तेजस्वि नावधीतमस्तु । मा विद्विषावहै ।

ॐ शान्तिः शान्तिः शान्तिः ।।

****************************

## સંદર્ભસૂચિ


૧. વૈદિક અનુશીલન - કુમાર શશિપ્રભા, પૃ. ૩૩
૨. શતપથ બ્રાહ્મણ - મૈત્રેયી દેશપાંડે, ન્યુ ભારતીય બુક કોર્પોરેશન, દિલ્હી – પ્ર.સં.૨૦૦૮ પૃ.૧૫૨૭-૨૮
૩. તૈતિરીયોપનિષદ - ગીતાપ્રેસ ગોરખપુર, પૃ.૯૨૦
૪. સુભાષિતરત્ન સંગ્રહ - પૃ.૧૯૪
૫. ઋગ્વેદ - (૭/૮) - ઈ-બુક વેદપુરાણ.કોમ
૬. શ્રીમદ્ ભગવદગીતા - ગીતાપ્રેસ ગોરખપુર.
૭. ઈશાવાસ્યોપનિષદ(૧/૧૧) - ગીતાપ્રેસ ગોરખપુર.પૃ.૨૪
૮. ઋગ્વેદ – (૧/૧૬૪/૩૯) - ઈ-બુક વેદપુરાણ.કોમ
૯. અથર્વવેદ – (૧૧/૫/૩) - ઈ-બુક વેદપુરાણ.કોમ
૧૦. વ્યાકરણ મહાભાષ્ય -
૧૧. એજન - પૃ.૧૬-૧૭
૧૨. યજ્ઞવલ્ક્ય સ્મૃતિ - આચારાધ્યાય – ૩
૧૩. અથર્વવેદ – (૧૫/૬/૮/૧૨) - तमितिहासश्च पुराणं च गाथाश्च नाराशंसीश्चानुण्यंचलान्....स एवं वेद ।
૧૪. ભારતીય સમાજ એવં સંસ્કૃતિ - દેવેન્દ્ર ગુપ્ત, પ્રતિભા પ્રકાશન, દિલ્હી. પ્ર.સં.૨૦૧૦ પૃ.૪૧૦
૧૫. છાન્દોગ્યોપનિષદ - ગીતાપ્રેસ ગોરખપુર.
૧૬. છાન્દોગ્યોપનિષદ(૬/૧/૨) - ગીતાપ્રેસ ગોરખપુર.
૧૭. છાન્દોગ્યોપનિષદ(૮/૧૧/૧-૪)-ગીતાપ્રેસ ગોરખપુર.
૧૮. સંસ્કૃતશિક્ષણમ - ઈ-બુક
૧૯. जटा माला शिखारेखा ध्वजो दण्डो रथोधनः अष्टौ विकृतयः ।
૨૦. સંસ્કૃતશિક્ષણમ - ઈ-બુક.પૃ.૧૧૩-૧૪
૨૧. સંસ્કૃતશિક્ષણમ - ઈ-બુક.પૃ.૨૪૫-૪૬
૨૨. સુભાષિતરત્નભંડાર - શ્લોક – ૪૧૩, પૃ.૧૬૮
૨૩. પ્રાચિન શિક્ષા ઔર ઉસકી સમસ્યાએ - પી.ડી.પાઠક.
૨૪. પ્રાચિન શિક્ષા ઔર ઉસકી સમસ્યાએ - પી.ડી.પાઠક .પૃ.૧૫૨-૬૩
૨૫. પ્રાચિન શિક્ષા ઔર ઉસકી સમસ્યાએ - પી.ડી.પાઠક. પૃ.૧૪૨-૫૧,૨૦૯
૨૬. પ્રાચિન શિક્ષા ઔર ઉસકી સમસ્યાએ - પી.ડી.પાઠક. પૃ.૧૨૧
૨૭. સંપૂર્ણ ગાંધી વાંગમય - પૃ.૨૭, ૩૮-૪૦
૨૮. ભારત કે મહાન શિક્ષાશાસ્ત્રી - પ્રકાશ નારાયણ,નાયણી શિક્ષા પ્રકાશન,જયપુર. પ્ર.સં.-૨૦૦૮.પૃ.૧૩૪-૫૨


---


ડૉ.પ્રકાશચંદ્ર જે. જોષી
આસીસ્ટન્ટ પ્રોફેસર સંસ્કૃત,

વિવેકાનંદ કોલેજ ઓફ આર્ટ્સ,
રાયપુર, અમદાવાદ.
મો. ૯૪૨૮૭૭૦૪૪૭